ગંગા આરતીની જેમ સરસ્વતી આરતી થશે : અંબાજી નજીકના કોટેશ્વર મંદિરની પસંદગી

લુપ્ત સરસ્વતી નદી કોટેશ્વર મંદિર પાસે પ્રાદુર્ભાવ પામે છે, જિલ્લા કલેક્ટરે મંદિર પરિસર, અન્ય મિલકતો તેમજ ખેતી સહિતની જમીનનો કબજો લઇ લીધો

ગાંધીનગર, તા. ૨૯

દેશમાં ગંગા જેવી પવિત્ર નદીની આરતી થાય છે તેમ ગુજરાતમાં સરસ્વતી નદીની આરતી થાય તેવું આયોજન ઉત્તર ગુજરાતમાં કરવામાં આવ્યું છે. અંબાજી પાસે આવેલા કોટેશ્વર મંદિર પાસે સરસ્વતી આરતી થાય તે માટેના એક પ્રોજેક્ટ

પર જિલ્લા કલેક્ટર તંત્ર કામ કરી રહ્યું છે.

સરસ્વતી નદીના ઉદ્‌ગમ સ્થાન ગણાતા કોટેશ્વરમાં ગંગા આરતીની જેમ સરસ્વતી આરતીનું આયોજન કરવા માટે આ મંદિર પરિસર અને તેની આસપાસના વિસ્તારને વિકસિત કરવાનું શરૂ કરવામાં આવ્યું છે. રામ મંદિર અને દેશ વિદેશમાં સ્થાપત્યના વિશેષજ્ઞ સીબી સોમપુરા કોટેશ્વર ધામના વિકાસ માટે સેવા આપનાર છે.

આ યાત્રાધામના વિકાસ માટે કોટેશ્વર મહાદેવ મંદિર અને તેને સંલગ્ન મિલકત તેમજ જમીનનો કબજો બનાસકાંઠા જિલ્લા કલેક્ટરે લીધો છે. આ મિલકતોમાં પરિસર, ગૌમુખ, વાલ્મિકી આશ્રમ, ગૌશાળા અને ખેતીની જમીનનો સમાવેશ થાય છે.

કોટેશ્વર મહાદેવ મંદિર તથા સંલગ્ન જગ્યાઓમાં યાત્રિકો માટેની પાયાની સુવિધા જેવી કે પાર્કિંગ, મંદિર તથા આશ્રમ સુધી જવાનો રસ્તો, સ્ટ્રીટ લાઈટ, પીવાના પાણીની સગવડ, શૌચાલય વિગેરે સુવિધાઓ ઉભી કરવાનું આયોજન આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા કરવામાં આવ્યું છે. આ જગ્યાએ રિનોવેશન કરી જૂના બિનજરૂરી સ્ટ્રક્ચર કાઢી નાંખવામાં આવશે. મંદિરમાં બગીચાનું નિર્માણ કરાશે.

ધર્મશાળાનું જર્જરીત માળખું કાઢીને સરસ્વતી નદીના ઉદ્‌ગમ સ્થાનનું ધાર્મિક મહત્વ ધરાવતી થીમ પર સરસ્વતીની મૂર્તિ ઉભી કરાશે. આ વિસ્તારમાં એકવાયર કરવામાં આવેલી ખેતીની જમીનમાં આયુર્વેદિક ઉદ્યાન બનાવવાનું પણ આયોજન છે. આ જમીન ફરતે કમ્પાઉન્ડ વોલ બનાવાશે.

અંબાજી નજીક આવેલા કોટેશ્વરધામમાં અતિ પૌરાણિક શિવાલય છે. સીબી સોમપુરાએ વ્યસ્તતા વચ્ચે આ ધામના વિકાસ માટે જરૂરી સેવાઓ વિનામૂલ્યે આપવાનું કહ્યું છે. તેમની આર્કિટેક્ટની ટીમ દ્વારા ટૂંક સમયમાં કોટેશ્વરમાં સર્વે કરીને માસ્ટર પ્લાન બનાવવામાં આવશે. આ પ્રોજેક્ટને સરકારની મંજૂરી અર્થે રજૂ કરાશે.

સરસ્વતી નદી ભારતીય વૈદિક પરંપરાઓની મુખ્ય નદી પૈકીની એક છે. લુપ્ત સરસ્વતી કોટેશ્વર મહાદેવના મંદિર પાસેથી ગુજરાતમાં પ્રાદુર્ભાવ પામે છે ત્યારે કોટેશ્વર મંદિરનો વિકાસ કરી યાત્રાધામ તરીકે જાણીતું થાય તેવા પ્રયાસો શરૂ કરવામાં આવ્યા છે.

રાજ્યમાં કોરોનાના કેસ ૫૦૦ને પાર

કોરોનાના નવા ૫૪૮ કેસ : ઓમિક્રોનના નવા ૧૯ કેસ સાથે રાજ્યમાં કુલ ૯૭ કેસ નોંધાયા

ગાંધીનગર, તા.૨૯

ગુજરાતમાં હવે કોરોનાની ત્રીજી લહેર શરૂ થઈ ગઈ હોય તેવા સંકેતો મળી રહ્યાં છે. રાજ્યમાં છ મહિના બાદ કોરોના વાયરસના સૌથી વધુ કેસ સામે આવ્યા છે. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના વાયરસના ૫૪૮ નવા કેસ સામે આવ્યા છે. આ દરમિયાન ૧ દર્દીનું નિધન થયું છે તો ૬૫ લોકો સાજા થયા છે. નવા કેસ બાદ રાજ્યમાં કુલ સંક્રમિતોની સંખ્યા ૮ લાખ ૩૦ હજાર ૫૦૫ થઈ ગઈ છે, જ્યારે કોરોનાને લીધે ૧૦૧૧૬ લોકોના મોત થયા છે તો સારવાર બાદ ૮,૧૮,૪૮૭ લોકો સાજા થયા છે.

ગુજરાતમાં આજે સૌથી વધુ ૨૬૫ કેસ અમદાવાદ શહેરમાં નોંધાયા છે. તો સુરત શહેરમાં ૭૨, વડોદરા શહેરમાં ૩૪, આણંદમાં ૨૩, ખેડા ૨૧, રાજકોટ શહેર ૨૦, અમદાવાદ ગ્રામ્ય ૧૩, કચ્છ ૧૩, વલસાડ ૯, સુરત ગ્રામ્ય ૮, મોરબી ૭, નવસારી ૭, રાજકોટ ગ્રામ્ય ૭, ભરૂચ ૬, ગાંધીનગર ૬, ભાવનગર શહેર ૫, વડોદરા ગ્રામ્ય ૫, મહીસાગર, મહેસાણા, સાબરકાંઠા અને સુરેન્દ્રનગરમાં ૩-૩, અરવલ્લી, બનાસકાંઠા, ગાંધીનગર શહેર, જામનગર ગ્રામ્યમાં બે-બે, અમરેલી, ભાવનગર ગ્રામ્ય, નર્મદા અને પંચમહાલમાં એક-એક કેસ સામે આવ્યો છે. તો પોરપંબરમાં એકનું મોત થયું છે.

કોરોનાની સાથે રાજ્યમાં ઓમિક્રોનના નવા ૧૯ કેસ સામે આવ્યા છે. આ સાથે રાજ્યમાં ઓમિક્રોન સંક્રમિતોની સંખ્યા ૯૭ થઈ ગઈ છે. જેમાંથી ૪૧ લોકો સાજા થઈ ગયા છે. અમદાવાદમાં ઓમિક્રોનના નવા ૮, વડોદરામાં ૩, સુરતમાં ૬ અને આણંદમાં ૨ કેસ સામે આવ્યો છે.

ગુજરાતમાં કોરોનાના એક્ટિવ કેસ ૧૯૦૨ થઈ ગયા છે, જેમાં ૧૧ દર્દી વેન્ટિલેટર પર છે. રાજ્યમાં કોરોનાને લીધે અત્યાર સુધી ૧૦૧૧૬ લોકોના મોત થયા છે. જ્યારે સારવાર બાદ ૮૧૮૪૮૭ લોકો સાજા થયા છે. રાજ્યનો રિકવરી રેટ ૯૮.૫૫ટકા છે. રાજ્યમાં આજે કોરોના વેક્સીનના ૧ લાખ ૯૪ હજાર ૩૭૬ ડોઝ આપવામાં આવ્યા છે. આમ રાજ્યમાં અત્યાર સુધી ૮ કરોડ ૮૮ લાખ ૨૦ હજાર ૪૫૨ રસીના ડોઝ આપવામાં આવ્યા છે.

દેશનું ગૌરવ વધારનારા પેરા ખેલાડીઓનો શહેરમાં સ્વાગત સમારોહ યોજાયો

સાઇ ખાતે ટોક્યો પેરા ઓલિમ્પિકના મેડલિસ્ટ દેવેન્દ્ર ઝાંઝરિયા, વર્લ્ડ પાવરલિફ્ટિંગ ચેમ્પિયનશિપ - ૨૦૨૧ના બ્રોન્ઝ મેડલિસ્ટ પરમજીત કુમાર સહિત અન્ય ખેલાડીઓનું સન્માન કરાયું

ગાંધીનગર તા.૨૯

ગાંધીનગરના સેક્ટર-૧૫માં સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયાના સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે આજે બપોરે ૩ કલાકે ટોક્યો પેરા ઓલિમ્પિકના સિલ્વર મેડલિસ્ટ અને ગાંધીનગરના વેસ્ટર્ન સેન્ટરના નેશનલ કેમ્પર અર્જુન એવોર્ડી ખેલાડી પદ્મશ્રી દેવેન્દ્ર ઝાંઝરિયા અને વર્લ્ડ પાવરલિફ્ટિંગ ચેમ્પિયનશિપ - ૨૦૨૧ના બ્રોન્ઝ મેડલિસ્ટ તથા ગાંધીનગર એનસીઓના પેરા પાવરલિફ્ટિંગ ટ્રેઈની પરમજીત કુમારનો 'સ્વાગત સમારોહ' યોજાયો હતો. આ પ્રસંગે નેશનલ સેન્ટર ઓફ એક્સેલન્સના પેરા એથ્લેટ તાલીમાર્થીઓ કે જેમણે તાજેતરમાં રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ ભાગ લીધો હતો તેમનું પણ સન્માન કરવામાં આવ્યું હતું.

ગાંધીનગર ખાતેના સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયાના ડાયરેક્ટર પ્રશાંત કુમાર રાઘવે તમામ તાલીમાર્થીઓને સંબોધતા જણાવ્યું હતું કે "તેઓ તમામ વિજેતાઓને ગર્વથી આવકારે છે અને તે જ રીતે ભારત માટે રમત જગતના ખેલાડીઓ વધુ મેડલ મેળવે છે." આ પ્રસંગે દેવેન્દ્ર ઝાંઝરીયાએ હંમેશની જેમ યુવા ખેલાડીઓને પ્રોત્સાહિત કરતા કહ્યું કે "તમે આવનારા સમયમાં ભારતનું ઉજ્જ્વળ ભવિષ્ય બનો જે વિશ્વના નકશા પર ભારતને સોનેરી બનાવશે". આ સાથે તેમણે ખેલાડીઓને તેમની રમત સિવાય તેમના સ્વાસ્થ્ય અને મનોબળ પર વિશેષ ધ્યાન આપવા જણાવ્યું હતું. પરમજીત કુમારે ખેલાડીઓને તેમના આંતરરાષ્ટ્રીય અનુભવથી માહિતગાર કર્યા હતા. અંતે બંને પેરા ચેમ્પિયનોએ ગાંધીનગર સાઇના તમામ વિભાગોનો આભાર વ્યક્ત કર્યો અને તેમની સિદ્ધિઓનો શ્રેય સૌના સહકારને આપ્યો હતો. સાઇના નેશનલ સેન્ટર ઓફ એક્સેલન્સના મુખ્ય કબડ્ડી પ્રશિક્ષક અને ઈન્ચાર્જ જયવીર શર્મા અને રમત વિજ્ઞાન વિભાગના તમામ કર્મચારીઓએ આ કાર્યક્રમને સફળ બનાવવા સહયોગ આપ્યો હતો.

ગાંધીનગરમાં હિન્દી માધ્યમની પ્રાથમિક શાળા શરૂ કરવા માંગ

ગાંધીનગર તા. ૨૯

ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારમાં ગુજરાત સરકારના માધ્યમથી એક સરકારી હિન્દી માધ્યમ સ્કુલ શરુ કરવાની શહેરના રાજસ્થાન સમાજ સાવર્જનિક સેવા ટ્રસ્ટ દ્વારા માંગ દોહરાવવામાં આવી છે. પ્રાપ્ત માહિતી અનુસાર ટ્રસ્ટ દ્વારા તાજેતરમાં તા.૨૭મી ડિસેમ્બરે સે.૧૧માં સહયોગ સંકુલ ખાતે સ્થિત પ્રાથમિક શિક્ષણ વિભાગની કચેરીમાં સાશના અધિકારીને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું જેના પ્રતિભાવમાં શાસનાધિકારીએ સકારાત્મક પ્રતિભાવ આપ્યો હોવાનું પણ જાણવા મળ્યું છે.

રાજસ્થાન સમાજ સાવર્જનિક સેવા ટ્રસ્ટના પ્રમુખ તુલસીભાઇ માલીની આગેવાની હેઠળ આપવામાં આવેલા આવેદનપત્રમાં જણાવાયું છે કે ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારમાં રાજસ્થાન સહિત વિવિધ પ્રાંતના દસથી બાર હજાર નાગરિકો લાંબા સમયથી સ્થાયી વસવાટ કરી રહ્યા છે જેમાં મોટા ભાગના નાગરિકો શ્રમિક વ્યવસાય તેમજ નાનાં મોટાં વેપાર ધંધા ઉપરાંત નોકરી સાથે જોડાયેલા મધ્યમવર્ગીય નાગરિકો છે જેમને ખાનગી સ્કૂલોની મોંઘીદાટ ફી પોસાય તેમ નથી. મોટાભાગના પરપ્રાંતીય નાગરિકો સેક્ટર-૨૪ માં વસવાટ કરે છે. આ નાગરિકોના પરિવારોનાં બાળકોને તેમની માતૃભાષામાં શિક્ષણ મળે તે હેતુથી ગાંધીનગરમાં સરકારી હિન્દી માધ્યમની પ્રાથમિક શાળા શરૂ કરવા રાજસ્થાન સાર્વજનિક સેવા ટ્રસ્ટ દ્વારા લાંબા સમયથી માંગ કરવામાં આવી રહી છે. તેમણે આવેદનપત્રમાં નવા સત્રથી સરકારી ગ્રાન્ટેડ હિન્દી માધ્યમની શાળા શરૂ થાય તે અંગે રજુઆત કરી છે જેમાં પ્રતિભાવમાં શાસનાધિકારીએ સકારાત્મક સંકેત આપતાં આગામી સત્રમાં હિન્દી માધ્યમની સરકારી પ્રાથમિક સ્કૂલ શહેરમાં શરૂ થઈ શકે છે.

ગાંધીનગર નજીક આવેલ ઈન્દ્રોડા ગામમાં ઈન્દ્રાણીમાતાનું વિશાળ મંદિર આવેલુ છે. ઈન્દ્રાણીમાતાજીના પ્રાગટ્ય દિન નિમિત્તે ગામમાં ભવ્ય ઉજવણી કરવામાં આવે છે. ઈન્દ્રાણીમાતાના પ્રાગટ્ય દિવસે આખુ ગામ દુકાનો અને ગલ્લા બંધ કરી માતાજીની પૂજા-અર્ચના કરે છે.

રખડતી ગાયોના મુદ્દે હવે માલધારીઓ આમરણાંત ઉપવાસ પર ઉતરશે

રાજ્યમાં ગાંધીનગર સહિત વિવિધ મનપામાં રખડતી ગાયો અંગે કરવામાં આવેલા સકંજા સામે માલધારીઓમાં આક્રોશ : સરકારે છીનવી લીધેલા ગૌચર પાછા આપવા અને એનિમલ હોસ્ટેલ સહિતની સુવિધા આપવા "માલધારી અનસ્ટોપેબલ" ના નેજા હેઠળ માંગ કરાશે

ગાંધીનગર તા. ૨૯

રાજ્યના ગાંધીનગર અને અમદાવાદ સહિત મહાનગરોમાં રખડતી ગાયોનો પ્રશ્ન વિકટ બની રહ્યો છે જેના કારણે વિરોધનો સૂર ઉઠવા પામી રહ્યો હોવાથી તાજેતરમાં ભાજપ પ્રદેશ પ્રમુખ સી. આર. પાટીલ સહિત વિવિધ આગેવાનો દ્વારા નિવેદનો આપવામાં આવ્યાં હતા. ગાંધીનગરમાં પણ રખડતી ગાયો અંગે મહાનગરપાલિકા દ્વારા દંડની રકમ વધારવાની જોગવાઈ કરવાની તજવીજ હાથ ધરવામાં આવી છે. બીજી તરફ ગાયો સહિતના માલઢોર રાખનારા પશુપાલકો અને માલધારી સમાજમાં સરકાર દ્વારા અન્ય કોઈ વૈકલ્પિક વ્યવસ્થા આપ્યા સિવાય કસવામા આવી રહેલા સકંજા સામે રોષની લાગણી પ્રવર્તવા પામી છે જેને અનુલક્ષીને અમદાવાદના "માલધારી અનસ્ટોપેબલ" ના નેજા હેઠળ આગામી તા. ૧લી જાન્યુઆરીના રોજ સેક્ટર-૬માં સત્યાગ્રહ છાવણી ખાતે કેટલાંક માલધારી અગ્રણીઓ દ્વારા આમરણાંત ઉપવાસ પર બેસવા માટે મંજૂરી માંગવામાં આવી છે.

આજે ગાંધીનગર જિલ્લા કલેકટર તેમજ સે.૭ પોલીસ મથકે "માલધારી અનસ્ટોપેબલ" દ્વારા લેખિત અરજી આપીને ગુજરાતના મહાનગરોમાં ગાયોના પ્રશ્ને બાબતે થઇ રહેલા વિવાદના અનુસંધાને મહાનગરમાં વસતા માલધારીઓની સરકાર પાસે વૈકલ્પિક વ્યવસ્થા કરી આપવાની માંગણી સાથે શુક્રવારે કેટલાંક માલધારી અગ્રણીઓ દ્વારા આમરણાંત ઉપવાસ પર બેસવાની મંજુરી માંગવામાં આવી છે જેમાં મોટપના દિનેશ દેસાઈ, અમદાવાદના વિરમભાઇ રબારી, ગાંધીનગરના રઘુભાઈ રબારી તથા અમદાવાદના મયુર દેસાઇનો સમાવેશ થાય છે. બીજી તરફ ગાંધીનગરના યુવા માલધારી અગ્રણી રઘુભાઈ રબારી દ્વારા સોશિયલ મીડિયા પર માલધારી સમાજના અગ્રણીઓ તથા યુવાનોને તેમની આ લડતમાં જોડાવા હાકલ કરવામાં આવી છે. તેમણે રખડતી ગાયો અંગે મહાનગરપાલિકાએ વધારેલા દંડની રકમ સહિત માલધારીઓ પર કરવામાં આવેલા પોલીસ કેસો તેમજ છીનવી લેવાયેલા ગૌચર પરત માંગવા ઉપરાંત એનિમલ હોસ્ટેલની સુવિધા સહિતની માંગણીઓ બાબતે માલધારી સમાજને એક થઈને લડત આપવા હાકલ કરી છે.

સીસીટીવી લગાવવા, ડેટા લેવા અંગે નવા કાયદા પર વિચાર

ખાનગી-સરકાર તમામ જગ્યાઓ પર સીસીટીવીથી નજર રખાશે કે જેથી વધતા ગુનેગારો-ગુનાખોરીને રોકી શકાય : નવા કાયદા માટે તૈયાર કરી રહ્યા છે ડ્રાફ્ટ

ગાંધીનગર,તા.૨૯

જો રાજ્ય સરકારની ઈચ્છા પ્રમાણે બધું થયું તો આગામી વર્ષે રસ્તાની સામે ઓછામાં ઓછો એક સીસીટીવી કેમેરા ઈન્સ્ટોલ કરાશે અને તેની ફીડ લોકલ પોલીસને સોંપાશે કે જેથી ગુનાઓ પર અંકુશ લગાવી શકાય અને વધતી ગુનાખોરીને અટકાવવા માટે ફીડના આધારે તપાસ કરી શકાય. આ માટે આગામી વર્ષની શરુઆતમાં કાયદો બનાવવામાં આવી શકે છે. વિશ્વસનીય સૂત્રો દ્વારા મળતી વિગતો પ્રમાણે કેટલાક સિનિયર "છજી અનેઁજી અધિકારીઓ દ્વારા આપણી આસપાસની ઘટનાઓ પર નજર રાખવા માટે ડ્રાફ્ટ તૈયાર કરાઈ રહ્યો છે. જેમાં સીસીટીવી કેમેરા દ્વારા સરકારી અને ખાનગી બિલ્ડિંગના વિસ્તાર પર નજર રાખી શકાય. આ ડ્રાફ્ટ લગભગ બજેટ સેશન દરમિયાન ગૃહમાં રજૂ કરવામાં આવી શકે છે.

આ બાબતને લઈને ચાલી રહેલી કામગીરી અંગે નજીકના સૂત્રો જણાવે છે કે, હવે કોમર્સિયલ જગ્યા પણ સીસીટીવીથી કવર થાય તે અંગેની કામગીરી પોલીસ નજર હેઠળ થશે, જ્યાં સ્ટાન્ડર્ડ સીસીટીવી લગાવવાના રહેશે. આ પ્રસ્તાવિત કાયદામાં રહેણાક સોસાયટી અને કોલોનીને પણ જોડવામાં આવી છે. પોલીસની સાથે આ કાયદામાં શહેરી વિકાસ, માર્ગ અને મકાન જેવા વિભાગોને પણ જોડવામાં આવી શકે છે.

મહાલહેર

● અનુસંધાન પહેલાનું ચાલુ

બ્રિટનમાં પાછલા ૨૪ કલાકમાં કોરોનાના નવા ૯૮.૫૧૫ કેસ સામે આવ્યા છે, જેની સાથે દેશમાં કુલ કેસની સંખ્યા વધીને ૧.૨ કરોડ થઈ ગઈ છે. આ આંકડો સ્વાસ્થ્ય અધિકારીઓ દ્વારા શેર કરાયો છે. દેશમાં પાછલા ૨૪ કલાકમાં કોરોનાથી ૧૪૩ લોકોના મોત થયા છે, જેમની સાથે મૃત્યુઆંક વધીને ૧,૪૮,૦૦૩ થઈ ગયો છે.

પૂજારીની ભરતી

● અનુસંધાન પહેલાનું ચાલુ

શોધી કાઢશે. રેવ ડો. ડેવિસનનું પુસ્તક, એસ્ટ્રોબાયોલોજી એન્ડ ક્રિશ્ચિયન ડોક્ટ્રિનમાં પ્રશ્ન કર્યો છે કે શું ભગવાન બ્રહ્માંડમાં બીજે ક્યાંક જીવન બનાવી શકતા હતા. તેઓએ એ પણ ચર્ચા કરી છે કે જ્યારે આકાશગંગામાં બ્રહ્માંડમાં ૧૦૦ અબજથી વધુ તારાઓ અને સેંકડો અબજ આકાશગંગાઓ હોય છે ત્યારે જીવન પૃથ્વી સિવાય બીજે ક્યાંય કેમ ન હોઈ શકે. આ બાબતોના આધારે જ નાસા હવે એલિયન્સની શોધ અને સંપર્ક કરવાના મિશનમાં વ્યસ્ત છે.

૬ કેસ કહે છે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં વધતા જતાં કેસોને પગલે સરકારે પણ ટેસ્ટીંગમાં વધારો કરવા ટ્રેસીંગમાં સઘનતા લાવવાની ખાસ સૂચનાઓ આજે વિડીયો કોન્ફરન્સ દરમ્યાન આપી હોવાનું જાણવા મળેલ છે. આજે નોંધાયેલા ૪ કેસ સાથે જિલ્લામાં એક્ટીવ કેસની સંખ્યા વધીને ૧૦ થઈ છે તેમજ ક્વોરોન્ટાઈન ૩૫૦ થી વધુ લોકોને કરવામાં આવ્યા છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં સઘન સર્વેલન્સ તેમજ હોમ ક્વોરોન્ટાઈનના નિયમોની અમલવારી અસરકારક રીતે થાય તે જોવાની સૂચનાઓ આપવામાં આવી છે.

સામાન્ય સભા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સભ્યોએ પોતાના ખર્ચે સંકુલની સ્વચ્છતા કરાવી હતી. હવે ગંદકી કરનારાઓ સામે દંડનીય કાર્યવાહી કરવાનો નિર્ણય આ બેઠકમાં લેવામાં આવશે. જિલ્લા પંચાયતની સામાન્ય સભા આમ તો ડિસેમ્બરમાં થવી જોઈતી હતી પરંતુ ગ્રામ પંચાયતોની ચૂંટણીને લઈ આચારસંહિતા અમલી હોવાથી આ બેઠક પણ આચારસંહિતા પૂર્ણ થતાં યોજવામાં આવી રહી છે.

પંચાયતની સામાન્ય સભામાં વિવિધ સમિતિઓની મળેલી બેઠકમં થયેલી કાર્યવાહી નોંધને બહાલી આપવામાં આવશે. આ બેઠકને આમ તો સત્તાધારી પક્ષ રૂટીન બેઠક લેખાવી રહેલ છે પરંતુ વિપક્ષ આ બેઠકમાં સત્તાપક્ષને ભીંસમાં લેવાની વ્યુહરચના તૈયાર કરી રહ્યાનું જાણવા મળેલ છે. આ બેઠકમાં વિપક્ષ તડાપીટ બોલાવશે તેમ જાણવા મળેલ છે.

તાળુ મારી દેવાયું

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આ સમસ્યા પેચીદી બની હોવાનો સુર પણ ઉઠવા પામ્યો છે. શહેરના સેકટરોમાં એકબાજુ નવી લાઈન નાંખવા માટે પણ કામ શરૂ કરવામાં આવનાર છે. સેકટરોમાં સ્થિત દાયકાઓ જુની ગટર લાઈન હવે બિન ઉપયોગી પુરવાર થઈ રહી છે. જેના લીધે વારંવાર ગટર લાઈનની ચેમ્બરો તુટવાની ફરિયાદો પણ ઉઠવા પામે છે. સેકટરોમાં પણ ગટરો ઉભરાવાની સમસ્યા વધુ ગંભીર બની છે. ત્યારે હવે જાહેરા શૌચાલયોને પણ તાળુ મારવુ પડે તેવી સ્થિતિ વચ્ચે સેકટરોમાં ગંદકીનો પ્રશ્ન પણ જટીલ બન્યો છે. સે-૨૩ ના રહીશોએ આ ગંભીર સમસ્યાનુ ત્વરિત નિવારણ આવે તે માટે પ્રબળ રજુઆત કરી છે.

વાઈબ્રન્ટ ઈફેક્ટ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સ્ટેશન વિસ્તારની પણ હવે રોનક નિખરી છે. અત્યાર સુધી કેપિટલ સ્ટેશન તરફ જવાના રસ્તો જ ખોવાઈ ગયો હતો. જયારે હવે સ્ટેશનને અનુરૂપ રસ્તા સાથે અન્ય સુવિધાઓ પણ ઉભી કરી દેવામાં આવી છે. કેપિટલ સ્ટેશન તરફ જવાની દીશાચિંધતા સાઈન બોર્ડસને પણ કલર કરવામાં આવી રહ્યો છે. શહેરમાં દાયકા અગાઉ વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષી નવા સાઈન બોર્ડસ મુકવામાં આવ્યા હતા જયારે આ પૈકી ઘણાંખરા હાલ કંગાળ હાલતમાં જોવા મળી રહ્યા છે જેને અનુલક્ષી સાઈન બોર્ડસનુ કલર કામ હાથ ધરાયુ છે.

હરાજી કરાશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

શહેરી વિકાસ સત્તા મંડળને જે જમીન કપાતમાં મળી છે તેનાથી ઉપરોક્ત ચાર પ્લોટ ઈ ઓકશન કરીને વેચાણ આપવામાં આવશે. આ તબક્કે ઉલ્લેખનીય છે કે આ વિસ્તારમાં હરાજી મારફત પ્લોટ ખરીદ કરનાર આસામીએ સમયમર્યાદામાં જમીનની કીંમતનુ સંપુર્ણ ચુકવણુ નહીં કરવામાં આવે તો રૂ ૧ કરોડની ડીપોઝીટ પણ ગુડાએ જપ્ત કરી હતી. આસામીએ તો પ્લોટ રૂ ૧૪૩ કરોડની બોલી લગાવી ખરીદવાનો કરાર પણ કર્યો હતો. આખરે આ કરાર અનુસંધાને ચુકવણુ ન થતા ડિપોઝીટ ગુમાવાનો વારો આવ્યો હતો. ગુડા વિસ્તારમાં રહેણાંક અને કોર્મશિયલ પ્લોટની હરાજી કરવામાં આવતા આગામી દિવસોમાં ગુડા વિસ્તારમાં વિકાસની પ્રક્રીયા વધુ તેજ બનશે. ગુડા વિસ્તારમાં માળખાગત સુવિધાના કામો સહીત વિકાસની પ્રક્રીયાને વેગ આપવા માટે અનેકવિધ યોજનાઓ પણ હાથ ધરવામાં આવી છે. ત્યારે હવે પ્લોટની હરાજી પ્રક્રીયાના અંતે ગુડા વિસ્તારમાં રહેણાંક અને કોર્મશિયલ બિલ્ડીંગો પણ નવા અસ્તિત્વમાં આવશે.

લાગણીનો મેળો

● અનુસંધાન ચોથાનું ચાલુ...

'હવે આ હાથ રહે ના હેમ !
મળ્યું સમયનું સોનું પરથમ વાવર્યું ફાવ્યું તેમ !
હવે આ હાથ રહેના હેમ !

કદી કોઈને કાજે નહીં મેં કટકોય એ કાપ્યું,
અન્ય શું દેતાં થાય અમૂલખ મૂલ્ય નહીં મેં માપ્યું;
રતી સરીખું અવ રહ્યું એનો ઘાટ ઘટાશે કેમ ?'

દોસ્તો, સરી જતી સમયની ક્ષણો વાસ્તવમાં સુવર્ણકણો છે. પરાર્થે વપરાયેલો સમય જ જિંદગીનો સારો સમય છે. આપણી સંસ્કૃતિ કહે છે, 'શુભસ્ય શીઘ્રમ' - ને - આપણો લોકવારસો કાન પકડી યાદ દેવડાવે છે.' 'ધરમના કામમાં ઢીલ શેની ?'

સ્પર્શમણિ : પૈસા ક્યાં ખર્ચો છો ? એ પછીની વાત છે, સમય ક્યાં ખર્ચાઈ રહ્યો છે? ખાસ તપાસતા રહેજો.

●●●

ગુમાવેલો સમય એટલે અસ્તિત્વ. એનો કરેલો ઉપયોગ અર્થાત્ જીવન.

- rasikvaland1965@gmail.com, Mo. 9913426949

ગુજરાત સરકાર
નર્મદા જળસંપતિ પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ
ઓનલાઈન જાહેર નિવિદા નં. ૨૧ સને ૨૦૨૧-૨૨

કામની વિગત : હરણાવ નદીમાં આવેલ પુરથી ખેતીલાયક જમીન અને પાકનું નુકસાન થતાં તાકિદે હરણાવ નદીમાં વહેણ બદલવા પાઈલોટ કટ કરવાના કામ બાબત. રૂ. ૦૪.૮૫ લાખ

ઓનલાઈન ટેન્ડર સ્વીકારવાની છેલ્લી તારીખ અને સમય	તા. ૫/૧/૨૦૨૨ ૧૮.૦૦ કલાક સુધી
ટેન્ડર ફી બાનાની રકમ તથા અન્ય દસ્તાવેજો કચેરીમાં મોકલવાની તારીખ અને સમય (માત્ર રજીસ્ટર) સ્પીડ પોસ્ટ / રજી. પોસ્ટ)	તા. ૫/૧/૨૦૨૨ થી ૧૨/૧/૨૦૨૨ ૧૬.૦૦ કલાક સુધી
ઓનલાઈન ટેન્ડર ખોલવાની તારીખ અને સમય	તા. ૧૩/૧/૨૦૨૨ ૧૨.૦૦ કલાક

કચેરીનું સરનામું : કાર્યપાલક ઈજનેરશ્રી યોજના બાંધકામ વિ.નં. ૩ દુર્ગા સાઈટ સિંચાઈ ભવન, હિંમતનગર પીન કોડ ૩૮૩૦૦૧. ટે.નો. ૦૨૭૭૨-૨૪૫૦૫૬

વધુ જાણકારી માટે ઉપરોક્ત કચેરી તથા વેબસાઈટ www.statetenders.gujarat.gov.in તથા www.nwr.nprocure.comનો સંપર્ક કરવા વિનંતી છે.

નામાનિ/હિંમત/૪૭૯/૨૦૨૧

ગુજરાત રૂરલ ઈન્ડસ્ટ્રીઝ માર્કેટીંગ કોર્પોરેશન લી.
(ગુજરાત સરકારનું સાહસ)
રજી.ઓફીસ : બ્લોક નં. ૧૭, પાંચમો માળ, ઉદ્યોગ ભવન, સેક્ટર-૧૧, ગાંધીનગર. પીન -૩૮૨૦૧૭ ટે.નો. ૨૩૨૨૩૭૬૩, ૨૩૨૨૭૦૬૫

જાહેર નિવિદા

ધોલેરા ઈન્ટરનેશનલ એરપોર્ટ ઓથોરોટી, ગાંધીનગર ખાતેની કચેરીમાં ફર્નિચરની રૂ. ૪,૩૧,૬૩૨/-ની મર્યાદામાં કામગીરી કરવા માટે ફર્નિચરની કામગીરી કરતી પેઢીઓ પાસેથી ઈ-ટેન્ડર પદ્ધતિ દ્વારા ઓનલાઈન ભાવો મંગાવવામાં આવે છે. આ કામગીરી માટે નિયત ફોર્મ અને સંલગ્ન માહિતી www.grimco.nprocure.com ઉપરથી ઉપલબ્ધ થશે. તા. ૩૦/૧૨/૨૦૨૧ થી તા. ૧૯/૧/૨૦૨૨ સુધી ભાવો ફક્ત ઓનલાઈન ભરવાના થશે. બીડરે ઓનલાઈન રજૂ કરેલ તમામ દસ્તાવેજોની નકલો તથા EMDનો DD / બેંક ગેરંટી ઓરીઝનલ સાથે બંધ કવરમાં તા. ૨૦/૧/૨૦૨૨ સમય ૧૨:૦૦ કલાક સુધી નિગમની વડી કચેરી ખાતે રૂબરૂમાં પહોંચતા કરવાના રહેશે.

મેનેજિંગ ડિરેક્ટર
ગ્રીમકો, ગાંધીનગર

ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ
'ગુજરાત સરકારનું સાહસ'
જાહેર નિવિદા નંબર-૧૫ સને. ૨૦૨૧-૨૨

કાર્યપાલક ઇજનેરશ્રી જાહેર આરોગ્ય બાંધકામ વિભાગ, પ્રથમ માળ જલ ભવન, સર્કીટ હાઉસ પાસે, બાયપાસ રોડ,મોતીપુરા, હિંમતનગર મોબાઇલ નં.૯૯૭૮૪૦૬૯૪૩ દ્વારા નીચેના કામ માટે ઇ-ટેન્ડરીંગ પધ્ધતિથી ટેન્ડર માંગવામાં આવે છે.

અ ન	કામની વિગત	૧.અંદાજીત કિંમત (લાખમાં ૨. કોન્ટ્રાકટ માટેની પાત્રતા ૩. ટેન્ડર આઇડી નં. ૪. ભાવો ભરવાની છેલ્લી તા
૧	ગુહાઇ (જમણાકાંઠો) જુથ પા.પુ.યોજનામાં સમાવિષ્ટ હિંમતનગર/ઇડર તાલુકાના ગામ/પરાઓને પીવાનુ પાણી પુરૂ પાડવાના સીવીલ/યાંત્રીકની મરામત અને નિભાવણીની કામગીરી	૧. ૭૮,૨૮,૮૬૪.૯૪ ૨. "ડી" કલાસ અને ઉપરના ૩. ૪૯૭૯૩૫ ૪. તા.